## વડીલોને વંદન અભિનંદન



પંઢરીનાથ જગતાપ
(૧૯૩૮) મો. ૯૮૨૫૦૨૯૨૦૪

# પ્રાંતિજમાં આધારકાર્ડની કામગીરી પુનઃ શરુ કરવા માંગ

સાબરકાંઠાના પ્રાંતિજ તાલુકા મથકે સરકાર દ્વારા સામાન્ય માણસ અધિકાર સંદર્ભના આધાર કાર્ડની કાર્યવાહી બંધ કરાતા લોકોના ટોળે ટોળા આધાર કાર્ડ મેળવવા ધરમધક્કા ખાઈને નિરાશા નાખી પાછા ફરે છે. સરકારે આધારાકાર્ડ દ્વારા ગેસ સબસીડી સહિતના આધાર પુરાવા માટે આધારકાર્ડ ખુબ જ જરુરી હોવાથી લોકો આધારકાર્ડ મેળવવા લાંબી લાઈનો લગાવી રહ્યા છે અને સમય બગાડવા છતા પણ પ્રાંતિજ ભાખરીયા વિસ્તારમાં ચાલુ કરેલ આધારકાર્ડની કાર્યવાહી બંધ રહેતા લોકોને સમય અને પૈસાનો વ્યય થાય છે તો કયારેક અફડાતફડી પણ થાય છે. હાલ કામગીરી બંધ હોઈ લોકો નિસાસા નાખી પાછા જાય છે ત્યારે પુનઃ આધાર કાર્ડ કાઢવાની વ્યવસ્થા કરી સેન્ટર ઉભું કરવાની માંગ ઉઠવા પામી છે.




(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## વડવાસા ખાતે તાલુકા કક્ષાનો રમતોત્સવ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના વડવાસા ગામે આવેલ પ્રાથમિક શાળામાં આજ રોજ તાલુકાકક્ષાનો રમતોત્સવ યોજાયો હતો. જેમાં ૨૨૪ બાળકો તથા ૮૮ શિક્ષકોએ ભાગ લીધો હતો. પ્રાંતિજના વડવાસામાં જી.સી.ઈ.આર.ટી.ગાંધીનગર પ્રેરિત તથા જિલ્લાશિક્ષણ અને તાલીમ ભવન ઈડર આયોજીત તાલુકાકક્ષાનો રમતોત્સવ યોજાયો હતો જેમાં પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, પ્રાંતિજ મામલતદાર એ.એ.ડોડીયા તાલુકા પ્રમુખ કાળુસિંહ ચૌહાણ ટી.ડી.ઓ.ડીવી મકવાણા તેમજ ગામના સરપંચ વગેરે ઉપસ્થિત રહ્યા હતાં. જયારે ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા એ લીલી ઝંડી આપી રમતોની શરૂઆત કરાવી હતી. જેમાં ૧૦૦ મીટર દોડ, ખોખો, ગોળા ફેંક, લાંબો કુદકો તેમજ યોગ જેવી રમતો રાખવામાં આવી હતી. જેમાં તાલુકાની વિવિધ પ્રાથમિક શાળાઓમાંથી વિધાર્થી વિધાર્થીનીઓએ ભાગ લીધો હતો. જયારે વિજેતા બનેલ રમત વિરોને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં.



## ખેડબ્રહ્માંમાં સ્વચ્છતા અભિયાન પછી સ્થિતિ જૈસે થે

સમગ્ર દેશમાં સ્વચ્છતા અભિયાન આરંભાયા બાદ ખેડબ્રહ્મા શહેરમાં મોટા ઉપાડે સ્વચ્છતા અભિયાનનો આરંભ કરવામાં આવ્યો હતો. પણ થોડા સમયમાં જ ખેડબ્રહ્માં શહેરમાં ગંદકીથી ખદબદી રહ્યુ છે. ખેડબ્રહ્માં શહેરની આવકાર સોસાયટીના ખૂણા પર ખુલ્લા પ્લોટમાં કચરાનો ઢગ થવા પામ્યો છે. સોસાયટીના રહીશોને બહાર નિકળવા માટે નાક દબાવી નીકળવું પડે છે. જયારે વાસણા રોડ પર હનુમાનજી મંદિર પાસે નગરપાલિકાની કચરા પેટી મુકેલ છે તે ઉભરાઈ જાય છે. અને કચરા ના ઢગ થાય છે. જયાં કચરામાં ગાયોના ટોળા ઉમટી પડે છે. જેને લઈ રહીશોને પસાર થવામાં પણ જોખમ ઉભુ થાય છે. (તસ્વીર :- રમેશ વૈષ્ણવ)

# મોડાસા શહેરમાં વાઈફાઈ સુવિધા આપવા યુધ્ધના ધોરણે કામગીરી શરૂ



(તસવીર : જય અમીન, મોડાસા)

મોડાસા તા.૧

અરવલ્લી જીલ્લામાં રવિ કૃષિ મહોત્સવમાં ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રીએ અરવલ્લી જીલ્લાના મોડાસા શહેરના નગરજનોને મોડાસા શહેરને ભારતનું સૌ પ્રથમ વાઈફાઈ સુવિધા ધરાવતું સંપૂર્ણ શહેર તરીકે ડીઝીટલ ઈન્ડીયાના ભાગરૂપે આધુનિક ભેટ આપી હતી.

મોડાસા શહેરને સંપૂર્ણ વાઈફાઈ સીટી જાહેર કર્યા બાદ મોડાસા નગરપાલીકા દ્વારા તેના માળખા અને મશીનરી માટેની તૈયારીઓ હાથધરી મોડાસા શહેરમાં વાઈફાઈ ટાવરો ઉભા કરવામાં આવી રહ્યા છે. નગરપાલિકા તંત્ર દ્વારા જાણવા મળતી માહિતી અનુશાર મોડાસા શહેરમાં લગાડવવામાં આવનાર સીસીટીવી કેમેરા માટેના ટાવર ઉભા કરવામાં આવનાર છે. તો પ્રાથમિક તબક્કે આજ ટાવર ઉપર વાઈફાઈ માટેના એકસેસ પોઈન્ટ લગાવી દેવામાં આવશે. તેમજ સમગ્ર મોડાસા શહેરનો એક પણ ખૂણો બાકી ન રહે તેવી રીતે મોડાસા શહેરના જુદાજુદા વિસ્તારમાં અંદાજે ૧૮ થી ૨૦ પોલ ઉભા કરી તેના ઉપર વાઈફાઈ માટેના પોઈન્ટ મુકવામાં આવશે. હાલ મોડાસા નગરપાલીકા અને સરકારી તંત્ર દ્વારા અંદાજે ૫ હજાર જેટલા કનેકશનની ગણતરી હાથ ધરી ૧૯ એમબીપીએસનું બેન્ડવીથ ખરીદવાની પ્રાથમિક ધોરણે ચર્ચા થઈ રહી છે. જેના માટે ઝડપી અને સસ્તા દરે ઈન્ટરનેટ સેવાઓ પુરી પાડતી ખાનગી કંપનીઓ જોડે ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી છે. ત્યારબાદ યોગ્ય સક્ષમતા ધરાવતી કંપની જોડે કરાર કરી મોડાસા શહેરને નજીવા દરે ટુજી અને થ્રીજીની સ્પીડ વાઈફાઈ વડે પુરી પાડવામાં આવશે. પરંતુ મોડાસા શહેરના વાઈફાઈ બનાવવા માટે ઓછામાં ઓછા એકથી બે મહિનાનો સમય લાગી શકવાનો હોવાથી મોડાસા શહેરના શહેરીજનોએ બે મહીના રાહ જોવી પડશે. ભારત સરકારના ડીજીટલ ઈન્ડીયાના ભાગરૂપે મોડાસા શહેરને વાઈફાઈની સુવિધાથી જોડવા માટે જરૂરી સાધન સામગ્રી માટે ૩૦ લાખ રૂપિયા જેટલો ખર્ચ કરવામાં આવનારો છે.



(તસવીર : જય અમીન, મોડાસા)

## કરસનપુરા કંપા પ્રાથમિક શાળામાં સ્વચ્છતા કાર્યક્રમ યોજાયો

જિલ્લા જળ અને સ્વચ્છતા એકમ અને સ્વ જલધારા યોજના અરવલ્લી દ્વારા મોડાસા તાલુકાની કરસનપુરા કંપા પ્રાથમિક શાળામાં શાળા આરોગ્ય તપાસણી અંતગર્ત સ્વચ્છતા કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શાળાના બાળકો દ્વારા સ્વચ્છતા વિષે વકતૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા જેવી પ્રવૃત્તિ કરવામાં આવી હતી. જલધારા યોજનાના કર્મચારી પ્રજાપતિ વિપુલભાઈ તેમજ પટેલ અલ્કેશભાઈએ બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સફલ સંચાલન શાળાના આચાર્યશ્રી સુલોચના બેન દ્વારા કરવામાં આવ્યું હતું.

## શામળાજીમાં કોંગ્રેસની શિબિર યોજાઈ

શામળાજી તા.૧

અરવલ્લી જિલ્લાના શામળાજી ખાતે યુવા કોંગ્રેસ દ્વારા ત્રિદિવસીય શિબિર યોજાઈ હતી. જેમાં કોંગ્રેસના નેતા અર્જુન મોઢવાડીયા, શકિતસિંહ ગોહિલ, મધુસુદન મિસ્ત્રી વગેરે મહાનુભાવો જોડાયા હતા.

આ શિબિર દરમિયાન ગુજરાતના યુવાનોએ ભાગ લીધો હતો અને યુવાનો દ્વારા ફિલ્ડ વિઝીટ પણ ટીંટોઈ ગામની મુલાકાત લેવામાં આવી હતી. ઉપરાંત શિબિરમાં કોંગ્રેસની સતત હારના પાછળના પરિબળો અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. અને કોંગ્રેસ પક્ષમાં નવી તાકાત ઉભી કરવા કાર્યકરોને હાકલ કરવામાં આવી હતી.

## મધુબેન શ્રીમાળીની ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ સમિતિના મંત્રી તરીકે નિમણૂંક

ગાંધીનગર તા.૧

ગાંધીનગરના મહિલા કોંગ્રેસ અગ્રણી શ્રીમતિ મધુબહેન ડી.શ્રીમાળીની ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ સમિતિના મંત્રી તરીકે નિમણુંક કરવામાં આવી છે. આ નિમણુંકની સાથે ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ સમિતિના પાટણ જિલ્લાના પ્રભારી તરીકે પણ નિમણુંક આપવામાં આવી છે.

મધુબહેન શ્રીમાળી ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ સમિતિમાં આ અગાઉ અનેક હોદાઓ ઉપર રહીને પક્ષના સંગઠનની જવાબદારી નિભાવી ચૂકયા છે. જેના પરિણામે તેઓને આ મહત્ત્વના હોદા પર નિમણૂંક આપવામાં આવી છે. મધુબહેન શ્રીમાળીને ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ સમિતિના હોદેદારો તેમજ ગાંધીનગર શહેર અને જિલ્લા મહિલા કોંગ્રેસ સમિતિના હોદેદારો દ્વારા હાર્દિક અભિનંદન પાઠવી શુભેચ્છાઓ આપવામાં આવી છે.

## કલોલમાં તેજાનંદ સ્વામીની પ્રાણ પ્રતિષ્ઠા યોજાઈ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર જિલ્લાના કલોલ ખાતે આવેલ આઈટીઆઈ સામે તેજાનંદ ધામનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો. જેમાં પૂર્વ ગૃહમંત્રી ગોરધનભાઈ ઝડફિયા, પૂર્વ સાંસદ નટુજી ઠાકોર, એડવોકેટ અને સામાજીક અગ્રણી જગદીશચંદ્ર શ્રીમાળી, રાઈટ વોટરના કિરીટ શ્રીમાળી તેમજ દુષ્યંત પંડયા ઉપસ્થિત રહ્યા હતા.

આ મહોત્સવમાં ઝીંઝુવાડિયા ગાદીના દયારામ બાપુએ આર્શિવચન પાઠવ્યા હતાં. આ મહોત્સવમાં શિખરબંધ મંદિરમાં તેજાનંદ સ્વામીની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા અંતર્ગત શોભાયાત્રા, ધ્વજારોહણ, સંતવાણી અને મહાયજ્ઞ તેમજ મહાપ્રસાદ વગેરેનું આયોજન કરાયું હતું.

# સેમેસ્ટર ૨-૪ની પરીક્ષા ફી હવે ૧૨મી સુધી ભરી શકાશે

અમદાવાદ, તા.૦૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહના સેમેસ્ટર-૨ અને ૪ ની બોર્ડમની પરીક્ષા માર્ચ - એપ્રિલ ૨૦૧૫માં લેવામાં આવનાર છે. આ પરીક્ષા માં ઉપસ્થિત રહેવા માગતા રેગ્યુલર અને રિપીટર વિદ્યાર્થીઓ તેમની પરીક્ષા ફી નો રાષ્ટ્રીયકૃત બેંકનો ડીમાન્ડ દ્વારા પરીક્ષા ફોર્મ અને આધાર પૂરાવા સાથે ૧૨ જાન્યુઆરી સુધી જિલ્લા શિક્ષણઘિકારીની કચેરીમાં રૂબરૂ જમા કરવાની રહશે. આ સાથે જ શાળાઓએ પોતાના ઈન્ડેક્ષ નંબર, પરીક્ષા ફી ભરવાનું ફોર્મ શાળામાં વિદ્યાર્થીઓની યાદી સહીતની વિગતો જમા કરવાવાની રહેશે જ્યારે રિપીટર વિદ્યાર્થીઓએ બોર્ડની વેબસાઈટ પર અલગથી ફઓર્મ ડાઉનલોડ કરીને તે ભરી ફી સાથે જમા કરવાનુ રહશે જયારે રેગ્યુલર વિદ્યાર્થીઓની ફી ભરેલ રાષ્ટ્રીયકૃત બેંકનો ડીમાન્ડ ડ્રાફટ અથવા ઓનલાઈન ફી ભરી હોય તો તેની પહોચ જિલ્લા શિક્ષણધીકારી કચરીએ જમા કરાવવાની રહેશે. ઓનલાઈન ફી જમા કરાવનાર શાળાઓને નિયત પરીક્ષા ફી ઉપરાંત વિદ્યાર્થી દીઠ પાંચ રૂપિયાના સર્વિસ ચાર્જ ઉપરાંત દર પૈસાનો સર્વિસ ચાર્જ ટેકસ ચુકવવાનો રહેશે તેમજ ઓનલાઈન પેમેન્ટ કર્યાની પહોચ જિલ્લા શિક્ષણધીકારી ની કચેરીખાતે મોકલી આપવાની રહેશે. માર્ચ-૨૦૧૪ કે તે અગાઉની સેમ્સ્ટર-૨ અને સેમેસ્ટર-૪ની પ્રયોગીક પરીક્ષામાં ગેરહાજર રહેલા વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ પણ રીપીટર વિદ્યાર્થી તરીકે જ ભરવાના રહેશે. વિદ્યાર્થીઓ ચારેય સેમેસ્ટરમાં પરીક્ષામાં ઉપસ્થિત રહેલ હોય અને સેમેસ્ટર-૪ના અંતે જે વિષય કે વિષયમાં ૧૩૨ ગુણ પ્રાપ્ત કરી શકેલ ન હોય તેવા વિદ્યાર્થીઓ માર્ચ-એપ્રિલ-૨૦૧૫ માં લેવાનાર સેમેસ્ટર-૨ અને ૪ની પરીક્ષામાં ઉપસ્થિત રહી શકશે નહી આવા વિદ્યાર્થીઓ જુલાઈ-૨૦૧૫ માં લેવામાં આવનાર પૂરક પરીક્ષામાં ઉપસ્થિત રહેવાનુ રહેશે.

## 'રીડયુસીંગ અર્થકવેક લોસીસ' વિષય પર આંતરરાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન

ગાંધીનગર, તા.૧

ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિભાગના ઈન્સ્ટીટયુટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ આઈએસઆર દ્વારા વાઈબ્રન્ટ ગુજરાત અંતર્ગત 'રીડયુસીંગ અર્થકવેક લોસીસ' વિષય પર ત્રિ દિવસીય આંતરરાષ્ટ્રીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેમિનાર ૫ થી ૬ જાન્યુઆરી દરમિયાન અમદાવાદના એએમએ ખાતે અને ૭મી જાન્યુઆરીએ આઈએસઆર ખાતે યોજાશે.

આ સેમિનારનો હેતુ બિલ્ડરો તેમજ ડેવલોપરો અને સિસ્મોલોજીસ્ટો વચ્ચે સેતુ બાંધવાનો છે. જેથી બાંધકામ ખર્ચ ઘટાડી ભૂકંપ પ્રુફ બહુમાળી ઈમારતો બાંધી શકાય. આ પરિસંવાદમાં દેશ વિદેશના તજજ્ઞો ઉપસ્થિત રહેશે. જેનો લાભ આ ક્ષેત્રે અભ્યાસ કરતા ગુજરાતના વિદ્યાર્થીઓને પણ મળી શકશે. આ પરિસંવાદમાં ભાગ લેવા રાજયની વિવિધ સિવિલ એન્જીનીયરીંગ અને આર્કિટેકચરલ અભ્યાસક્રમો ચલાવતી સંસ્થાઓના વિદ્યાર્થીઓને આપવામાં આવ્યું છે.

## સમસ્ત ખડાયતા સમાજ દ્વારા ઉંધીયા ઉજાણીનું આયોજન

### આ કાર્યક્રમમાં તેજસ્વી બાળકોનું અને ૭૦ વર્ષ પૂર્ણ કરનાર વડીલોનું સન્માન કરાશે

ગાંધીનગર, તા.૧


ગાંધીનગરના સમસ્ત ખડાયતા સમાજ દ્વારા સભ્યો માટે 'ઉંધિયા ઉજાણી'અને તેજસ્વી વિદ્યાર્થીઓના તેમજ ૭૦થી વધુ વર્ષ પૂર્ણ કરનાર વડીલોના સન્માનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. ૧૮મી જાન્યુઆરીએ જુના સચિવાલયની કેન્ટીનમાં યોજશે. સમાજના સભ્યોએ પોતાના બાળકના ૭૦ ટકાથી વધુ માર્ક હોય તેમની માર્કશીટ અને જે સિનિયર સિટિઝનના ૭૦થી વધુ વર્ષ થયા હોય તેના બે ફોટા અને જન્મ તારીખનો આધાર સંસ્થાના પ્રમુખ ડી.એફ. શાહને પહોંચાડવાના છે. બાળકોની માર્કશીટ તા. ૪થી જાન્યુઆરી પહેલા પહોંચાડવાની છે જે વડિલોએ તા. ૩૧મી ડિસેમ્બર સુધીમાં ૭૦ વર્ષ પુરા કર્યા હશે તેમનું જ સંસ્થા દ્વારા સ્થળ પર સન્માન કરવામાં આવશે.

## હળવદ બ્રહ્મ સમાજનો સમુહ યજ્ઞોપવિત સંસ્કાર સમારંભ યોજાશે

ગાંધીનગર તા.૧

અમદાવાદના હળવદ બ્રહ્મ સમાજ દ્વારા તા.૨૫મી જાન્યુઆરી રવિવારે સમુહ યજ્ઞોપવિત સંસ્કારનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમુહ યજ્ઞોપવિત સંસ્કાર આયોજીત કરવામાં આવ્યું છે. આ સમુહ યજ્ઞોપવિત સંસ્કાર એસ.જી.હાઈવે પર સોલા ભાગવત વિધાપીઠ પાસેના આરસી ટેકનીકલ રોડ પર આવેલ હળવદ ભવન ટ્રસ્ટ ખાતે યોજવામાં આવેલ છે. આ સમુહ યજ્ઞોપવિતમાં પોતાના પુત્રને સામેલ કરવા માંગતા વાલીઓએ તા.૧૦ મી જાન્યુઆરી સુધીમાં નામ નોંધાવી દેવા જણાવાયું છે. નામ નોંધાવવા માટે સાંજના ૫ થી ૭ દરમ્યાન સમાજના કાર્યાલયનો સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

## શબ્દાવલી - ૫૬૦૫



### આડી ચાવી

૧. કુરબાન, ખુશ (૪)
૪. સાજન, બલમા (૩)
૭. રાહી... દુઃખ કી ચિંતા કયું સતાતી હૈ (૩)
૮. અજીબ, આશ્ચર્યજનક (૪)
૯. વાદળ, સમુદ્ર (૪)
૧૧. પરસેન્ટેજ (૨)
૧૩. એક રાક્ષસનું નામ, ... કુષણ (૨)
૧૪. ગુનો (૨)
૧૫. દવા, ઝેર, મારવું કે તેનો ઈલાજ (૩)
૧૬. સંધ્યા, શામ (૨)
૧૭. સૂર્યયંત્ર, ટોચ, શિખર (૨)
૧૮. દશામાના વ્રતમાં... પર બિરાજેલ દશામાની મૂર્તિ પુજાય છે (૩)
૧૯. મજાક-મશ્કરી (૩)
૨૨. નિરાશ (૩)
૨૩. સંગાથ, સાથ (૪)

### ઊભી ચાવી

૧. ઇંડાની પુડલા જેવી વાનગી (૪)
૨. મજા કે મોજને અંગ્રેજીમાં... કહેવાય (૨)
૩. રીત-રસમ (૩)
૪. ખરીદી કરવાનું સ્થળ (૩)
૫. પ્રલય, નાશ (૨)
૬. અઢળક, ઘણુંબધું (૪)
૮. હોઠ, લબ (૩)
૧૦. લક્ષણ, ગુણ (૩)
૧૨. કામચોર (૫)
૧૪. જે સ્ત્રીને સંતાન ના હોય તેને લોકો તુચ્છકારમાં... પણ કહે છે (૩)
૧૬. ઊંટ, બળદ (૨)
૨૦. એક રેસા જેમાંથી ઠંડક કરવા માટેની ચટ્ટાઇ બને (૨)
૨૧. કાદવ, માટીને પાણી ભેગા થાય તો શું થાય? (૨)

### શબ્દાવલી ૫૬૦૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) કામચોર (૪) અસ્વાર (૬) સમયસર (૭) લુણી (૮) મંથન (૧૦) નથ (૧૨) ડગ (૧૪) આસપાસ (૧૬) ઓકાત (૧૭) વારો (૧૮) ધનવાન (૨૦) સાધના (૨૧) રટ

**ઊભી ચાવી :-** (૧) કારસ્તાન (૨) ચોસલુ (૩) રમણીય (૪) અસમંજસ (૫) સવારથ (૯) નપાસ (૧૧) થડકારો (૧૩) ગત (૧૪) આરાધના (૧૫) પારાવાર (૧૬) ઓવારો (૧૯) નટ

## સિમ્સ હૉસ્પિટલ, અમદાવાદને પ્રતિષ્ઠિત નેશનલ એવૉર્ડઝ એનાયત કરાયા

### 'ન્યૂ ઈન્ડિયા અશુરન્સ હેલ્થકૅર એચિવર્સ એવાર્ડઝ-૨૦૧૪'માં "ટ્રેન્ડસેટર ઈન કસ્ટમર એક્સલન્સ" અને "બેસ્ટ મલ્ટી-સ્પેશિયાલિટી હોસ્પિટલ" એવાર્ડઝ

તાજેતરમાં યોજાયેલા ન્યૂ ઈન્ડિયા અશુરન્સ હેલ્થકૅર એચિવર્સ એવાર્ડઝ-૨૦૧૪માં સિમ્સ હૉસ્પિટલ, અમદાવાદને કસ્ટમર સર્વિસ ક્ષેત્રે 'ટ્રેન્ડસેટર ઈન કસ્ટમર સર્વિસ એકસેલન્સ' ઍવાર્ડ તથા અમદાવાદની બેસ્ટ મલ્ટી-સ્પેશ્યાલિટી હોસ્પિટલ તરીકેનો એવોર્ડર્ઝ હેલ્થ કૅર ક્ષેત્રે હાંસલ થયેલી સિધ્ધિઓને બિરદાવવા તથા આ ઉદ્યોગના ધોરણો ઉંચે લઈ જવા બજાવેલી કામગીરીની કદર તરીકે એનાયત કરાયા હતા.

કૅર ઈન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સિસ (સિમ્સ)એ ૨૦૦ પથારી ધરાવતી અમદાવાદની મલ્ટી-સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ છે. અમદાવાદમાં સાયન્સ સીટી રોડ ઉપર આવેલી અને ૨૫૦,૦૦૦ ચો.ફૂટ વિસ્તારમાં પથરાયેલી સિમ્સ વિશાળ, અદ્યતન (ગ્રીન કોર્ટયાર્ડ અને એટ્રિયમ સહિતનું) બિલ્ડીંગ ધરાવે છે, જે તમામ દર્દીઓને યોગ્ય અને શ્રેષ્ઠ તબીબી સંભાળ પૂરી પાડે છે. ટૂંક સમયમાં તેની પથારીની સંખ્યા વધારીને ૪૦૦ કરશે. સિમ્સ હોસ્પિટલે અમદાવાદમાં સિમ્સ કેન્સર સેન્ટરની સ્થાપના કરી છે જે અદ્યતન સુવિધાઓના માધ્યમથી ઘનિષ્ઠ અને કદાચ ભારતની શ્રેષ્ઠ કેન્સર કૅર સુવિધા એક જ સ્થળે પૂરી પાડે છે.

## પ્લેટફોર્મ બનશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કે, વિકાસના -થમ તબક્કે ગુજરાત વૈશ્વિક રોકાણકારોને આકર્ષવામાં અગ્રેસર રહયું જયારે બીજા તબકકામાં ગુજરાત સૌથી વધુ રોજગારી આપતું રાજય બની રહયું અને હવે વિકાસના ત્રીજા તબકકામાં ઈનોવેટીવ ઉત્પાદનોથી ગુજરાત દેશભરમાં અગ્રેસર રહેશે.

મંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે, ગુજરાતને ગ્લોબલ મેન્યુફેકચરીગ હબ બનાવવાની દિશામાં રાજય સરકારે ખાસ આયોજન કર્યુ છે. રાજયમાં હાલ ગિફ્ટ સીટી -ેજેકટ અમલમાં છે તેમજ દિલ્હી મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર - ડીએમઆઈસીનો ૩૮ ટકા જેટલો ભાગ ગુજરાતમાંથી પસાર થઈ રહયો છે, ધોલેરા સર વગેરે જેવા અનેક વિશાળ આંતરમાળખાકીય -ેજકટનો વિકાસ થઈ રહયા છે ત્યારે સેકટર સ્પેસિફિક, મલ્ટી -ેડકટ ઝોન, ટવીન સીટી, ટેકનોલોજી પાર્ક વગેરેના વિકાસ દ્વારા ગુજરાતને ઉત્પાદનના ક્ષેત્રે વિશ્વ કક્ષાનું મેન્યુફેકચરીગ હબ બનાવાશે.

## કમોસમી વરસાદ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ખેડૂતોના જીરૂ, કપાસ સહીતના ઉભા પાકોને નુકશાન થવાની ભીતી વ્યકત કરવામાં આવી છે. વરસાદી ઝાપટાને કારણે ખેડુતોમાં ચિંતા ઉઠવા પામી છે.

પાટનગર ગાંધીનગરમાં પણ આજે સવારથી જ વાદળછાયા વાતાવરણ સાથે ઠંડીનું જોર વધતા શહેરના રાજમાર્ગો પર નિરવ શાંતિ જોવા મળી રહી છે. ઠંડીથી બચવા લોકોએ ગરમ વસ્ત્રોનો સહારો લેવો પડતો હતો અને સરકારી કચેરીઓમાં ઠંડીથી બચવા હીટરોનો સહારો લેવામાં આવતો હતો.

## વરસાદી માહોલ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પરથી ભીડ ઓછી થવા માંડી હતી.કચેરીઓ છુટયા બાદ ઘરે પહોંચેલા અધિકારી-કર્મચારીઓ ઘરમાં જ પુરાઈ રહ્યા હતા. ઘણી શાળાઓમાં નાતાલનું વેકેશન હોવા છતાં ઠંડીના કારણે બાળકો ઘરની બહાર રમવા પણ નીકળી શકયા ન હતા. જેના કારણે સેકટરો સાંજ પડતા જ એકદમ સુમસામ થઈ ગયા હતા.

પ્રવાસી ભારતીય દિવસ અને વાઈબ્રન્ટ સમિટની તૈયારીમાં દિવસ રાત રોકાયેલા કામદારો ન પ્રદર્શનની તૈયારી માટે આવલા કામદારો ઠંડીમાં રાહત મેળવવા માટે તાપણું કરતા નજરે ચઢયા હતા. બંદોબસ્તમાં રોકાયેલા પોલીસ કર્મીઓએ પણ વિવિધ ઉપાયો અજમાવી ઠંડી ઉડાડવાનો પ્રયાસ કર્યો હતો. હવામાન વિભાગની આગાહી અનુસાર હજુ એકાદ-બે દિવસ વાદળોની જમાવટ રહેશે. ત્યારબાદ વાદળો ફાટતા ઠંડીમાં વધારો થવાની સંભાવના છે.

વાદળોની જમાવટથી સૌથી વધુ ચિંતા ખેડૂતોમાં પ્રસરી જવા પામી છે. કમોસમી વરસાદથી ઘઉં, બટાકા અને ભીંડા જેવા પાકોને નુકસાન થવાની સંભાવના વ્યકત કરાઈ રહી છે. વાતાવરણમાં આવેલા અચાનક પલ્ટાથી ખેડૂતો ચિંતાતુર બન્યા છે.

પૂર્વી મધ્ય અરબ સાગર અને તેને અડીને આવેલા ઉત્તરીય કોંકણ અને દક્ષિણ ગુજરાતના કોસ્ટલ એરિયાની ઉપર અપર એર સાયકલોનિક સરકયુલેશન સિસ્ટમ સર્જાઈ છે. જેના કારણે વાદળછાયુ વાતાવરણ સર્જાયું છે.

ગાંધીનગર જિલ્લાના દહેગામ પંથકમાં પાંચ મિ.મિ. વરસાદ નોંધાયો છે. જયારે જિલ્લાના અન્ય વિસ્તારોમાં વરસાદના હળવા છાંટા પડયા છે.

જિલ્લામાં થયેલા આ કમોસમી વરસાદને કારણે વાતાવરણમાં બદલાવ આવ્યો છે. જો કે આ કમોસમી વરસાદથી ખેડૂતને હાલ કોઈ નુકશાનીનો ભય નથી તેમ ખેડૂત આગેવાનોએ જણાવ્યું છે.

દરમિયાન હવામાન વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ હજુ આગામી ૨૪ કલાક સુધી આવું જ વાદળછાયુ વાતાવરણ રહેશે. વાદળછાયા વાતાવરણ અને લોકલ ફિનોમીનાને કારણે કેટલાક વિસ્તારોમાં હળવો વરસાદ પણ થઈ શકે છે.